# અન્નપૂર્ણા યોજના હેઠળ રૂ.પાંચમાં શ્રમિકોને ભોજન

## આગામી સમયમાં આ પ્રકારના ભોજન કેન્દ્રો તબક્કાવાર રાજ્યભરમાં શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આગામી તા.૦૮ઓકટોબરના રોજ પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, અમદાવાદ ખાતે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૨૨ ભોજન કેન્દ્રોનું તથા શ્રમયોગીઓને યોજનાકીય લાભોના ઓનલાઈન વિતરણ માટેના શ્રમ સન્માન પોર્ટલનું લોકાર્પણ કરવામાં આવનાર છે. જેમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ ફક્ત રૂ.પમાં બાંધકામ શ્રમિક તથા તેના પરિવારજનોને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવશે તથા શ્રમ સન્માન પોર્ટલ હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત ઓનલાઈન અરજી કરી શકાશે તથા કરેલ અરજીનું લાઈવ સ્ટેટસ જાણી શકાશે તેમ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદ તથા ગાંધીનગર ખાતે આવેલા કુલ-૨૨ કડીયાનાકાઓ પર ભોજન કેન્દ્રોનું લોકાર્પણ થનાર છે. જે તબક્કાવાર સમગ્ર રાજ્યભરમાં શરૂ કરવામાં આવશે.

આ સ્થાયી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય તેમને ડોરસ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોના આંદોલનને અટકાવાયું

## સવારે સત્યાગ્રહ છાવણી ખાતે એકઠાં થયેલાં ચાર જિલ્લાના ખેડૂત અગ્રણીઓની અટકાયત કરાઇ : બપોરે ખેડૂતોએ ડીએસપી કચેરી નજીક રોડ ચક્કાજામ કરતાં ફરી વધુ ખેડૂતોની અટકાયત : કાલે સવારે ફરી સત્યાગ્રહ છાવણી ખાતેથી ઉપવાસ આંદોલનનો આરંભ કરવાનો ખેડૂતોનો નિર્ધાર

ગાંધીનગર, તા.૬

ભારત સરકાર દ્વારા દેશવ્યાપી રોડ અને હાઈવે નેટવર્કના ભારતમાલા પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જે ખેડૂતોની જમીનના સર્વે નંબરો સામેલ છે અને જેમાં તેમના વસાહત માટેના મકાનો અથવા પિયત જમીન જેમાં ટ્યુબવેલ કે બોરવેલને અસર થાય છે તેવા ખેતર ધરાવતા અસરગ્રસ્ત ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. આજે સવારે ગાંધીનગર સહિત ચાર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોએ અગાઉ જિલ્લા કલેક્ટરને આપેલા આવેદન અનુસાર સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરવા માટે તૈયારીઓ આરંભી તે સાથે જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. બપોર બાદ છુટા થયેલાં ખેડૂતોએ ડીએસપી કચેરી પાસે જ વધુ સંખ્યાંમાં એકઠાં થઈને "જીવ આપીશું પણ જમીન નહીં" જેવા સુત્રોચ્ચાર સાથે રોડ ચક્કાજામ કર્યો હતો જેથી પોલીસે ફરી આશરે અઢીસો જેટલાં ખેડૂતોની અટકાયત કરી હતી.

ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે આશરે નવ વાગ્યાની આસપાસ ભારતમાલા રોડ પ્રોજેકટના અસરગ્રસ્ત ખેડુતો આમરણાંત ઉપવાસ પર ઉતરવાના હતા જે માટે તેમણે મંડપ બાંધવા સહિતની તૈયારીઓ આરંભી હતી પરંતુ તેમનો કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ પોલીસે સ્થળ પરથી આશરે ૯૬ જેટલા ખેડૂતોની અટકાયત કરી હતી. આ ખેડૂતોને ડીએસપી કચેરી તાલીમ સેન્ટર ખાતે લઈ જવાયા હતાં. અટકાયત કરાયેલા ખેડૂતોમાં પીંપળજ ખાતેની અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિના પ્રમુખ યોગેન્દ્રસિંહ વાઘેલા અને મહામંત્રી વિજયસિંહ વાઘેલા સહિત ગાંધીનગર અને દહેગામ તાલુકાના ખેડૂતો પણ સામેલ હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉપરાંત પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના ખેડૂતો જોડાયાં હતા. જોકે સવારથી લઈ જવાયેલા આ ખેડુતોને બપોર સુધી કોઈપણ પ્રકારની ખોરાક-પાણીની વ્યવસ્થા વગર રખાયાં હોવાનો અને તે દરમ્યાન પોલીસ દ્વારા




ખેડૂતોને તેમની રજુઆત માટે સરકારના મંત્રીઓ સાથે મુલાકાત કરાવવાના માત્ર ઠાલાં વચનો જ અપાયા હોવાનો ખેડૂતો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. લગભગ બપોરના ત્રણેક વાગ્યા સુધી રાહ જોઈને થાકી ગયેલા ખેડુતોએ પોતાના ખર્ચે કેટરર્સ બોલાવી ભોજનની વ્યવસ્થા કરી હતી.

આ દરમ્યાન વધુ ખેડુતો ડીએસપી કચેરી ખાતે એકઠા થઈ ગયાં હતાં અને પોલીસના અકળ વલણથી અકળાયેલા ખેડુતોએ ડીએસપી કચેરી સંકુલની બહાર નીકળીને રોડ પર સૂત્રોચ્ચાર સાથે ચક્કાજામ કરવા પ્રયાસ કર્યો હતો. આ સમયે પોલીસે ફરીથી આશરે અઢીસો જેટલા ખેડૂતોની અટકાયત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે "ગાંધીનગર જીલ્લા, થરાદ-અમદાવાદ એકસપ્રેસ વે અસરગ્રસ્ત ખેડૂત સમન્વય સમિતિ"ના નેજા હેઠળ ગત તા.૧લી ઓક્ટોબરે જ ગાંધીનગર જીલ્લા કલેકટરને લેખીત આવેદન પત્ર આપ્યુ હતુ કે તેઓ તા.૬ઠ્ઠી ઓક્ટોબરથી સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉત્તર છે જે અંતર્ગત આજે તેમણે ઉપવાસ આંદોલન કાર્યક્રમ શરૂ કરવાનો પ્રારંભ કર્યો હતો.

પરંતુ પોલીસે તેને નિષ્ફળ બનાવ્યો હતો. જો કે "ખેડૂતો હજુ પણ આમરણાંત ઉપવાસ આંદોલન પર ઉતરવા માટે મક્કમ છે અને આવતીકાલે સવારે ફરી સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરશે" તેવું ગાંધીનગર જિલ્લાના પીંપળજ ખાતેની અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિના અગ્રણી વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

### ઝાપટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણ રહેતા મોસમનો બદલાતો મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૪.૩ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ઉંચકાયુ હતુ ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવી હતી વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનો પારો ૧.૫ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૦.૪ ડીગ્રીના તફાવત સાથે નીચે રહ્યુ હતુ. દિવસ દરમિયાન ભેજનુ પ્રમાણ પણ ૭૯ થી ૮૩ ટકા રહ્યુ હતુ. હવાનાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ રાજયમાં ઓકટોબર મહીનામાં પણ વરસાદી ઝાપટા વરશે તેવી સંભાવના છે. જેના લીધે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર સહીત મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદી ઝાપટા વરસશે. આ ઉપરાંત શરદ પુર્ણિમાની રાત્રે પણ વાદળિયુ વાતાવરણ રહેશે. ગાંધીનગર અમદાવાદમાં પણ તા ૬ થી ૮ દરમિયાન હળવા ભારે વરસાદી ઝાપટા વરસશે. જયારે તા ૧૨ ઓકટોબર સુધી મધ્યગુજરાતના ભાગોમાં પણ વરસાદ વરસશે. મોસમના બદલાતા નઝારા સાથે વાતાવરણમાં ગરમીનુ જોર પણ વધશે તેમજ આગામી તા ૨૪ અને ૨૫ મી થી સવારે અને મોડીરાત્રે હળવી ઠંડી પણ પડશે જેના લીધે બેવડી ઋતુનો પણ અનુભવ થાય.

### સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ સર્વેલન્સ કરવા માટેની સૂચનાઓ આપી છે. શહેર-જિલ્લામાં થઈ સ્વાઈન ફ્લુના ૧૦૦ થી વધુ કેસ નોંધાયા છે. ખાનગી લેબોરેટરીમાં લોકોને ટેસ્ટ કરાવવા જવુ પડે છે આ પછી સરકારના પોર્ટલ પર કેસ નોંધાય ત્યારે કેસ મળ્યાની વિગતો તંત્ર આપે છે તેથી લોકોમાં પણ રોષની લાગણી જન્મી છે.

### વરસાદી ઝાપટા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસાની વિદાય પછી થયેલા આ વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. મગફળી અને કપાસની વીણી જે કરી રાખી હતી તે પલળી જતાં ખેડૂતોએ તે ઢાંકવા માટે દોડાદોડી કરી હતી.

રાજ્યમાં હવામાન વિભાગે પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજે સવારથી જ જિલ્લામાં વાદળો આવ્યા હતા અને સાંજે તે વરસાદરૂપે વરસ્યા હતા.

જિલ્લામાં ચોમાસાની સિઝન દરમ્યાન ૯૫ ટકા વરસાદ નોંધાયો છે. કલોલ દહેગામમાં ૧૦૦ટકાથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. માણસા અને ગાંધીનગરમાં વરસાદની ઘટ ૧૫થી ૨૭ ટકા સુધીની રહી છે.

જિલ્લામાં આજે આવેલા વરસાદથી ખેડૂતો દોડાદોડ કરતા નજરે ચડ્યા હતા. કપાસની વીણી બાદ રૂ પલળવુ અને મગફળી પલળતી બચાવવા ખેડૂતોએ દોડધામ કરી મુકી હતી.

### માર્ગ બંધ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહી છે. ૩૬મી નેશનલ ગેમ્સની સાયકલીંગ (રોડ) ઈવેન્ટ આગામી તા. ૦૭ થી ૦૯ ઓકટોબર, ૨૦૨૨ દરમ્યાન યોજાનાર છે. આ સાયકલીંગું સ્પર્ધાનું સુચારુ આયોજન થઈ શકે તે માટે ગાંધીનગર જિલ્લાના નિવાસી અધિક કલેકટર શ્રી રીતુ સિંગ દ્વારા એક જાહેરનામું બહાર પાડીને ચ- ૦ ઈન્ટ્રોડા સર્કલ થી ખોરજ કન્ટેનર સુધીનો માર્ગ બંધ કરવાનો હુકમ કર્યો છે. આ માર્ગ પર ગાંધીનગર થી અમદાવાદ જવાનો એક માર્ગ તા. ૦૭મી ઓકટોબરને સવારના ૫.૦૦ કલાકથી બંધ કરવામાં આવશે. જે માર્ગ તા. ૦૯મી ઓકટોબર, ૨૦૨૨ ના રોજ બપોરના ૨.૦૦ કલાકથી રાબેતા મુજબ ચાલુ થશે.

ઉપરોક્ત તારીખ દરમ્યાન આ માર્ગ પર વાહન વ્યવહાર ઈન્દ્રોડા સર્કલથી શાહપુર સર્કલથી જમણી બાજુ વાળી રિલાયન્સ સર્કલ થઈ ખ-૦ થી ડાબી બાજુ વાળી સર્વિસ રોડ પરથી ઉવારસદ બ્રિજ નીચેથી ડાબી બાજુવાળી બાલાપીર ચોકડીથી સીધા ઝુંડાલ સર્કલથી જમણી બાજુવળી એસ.પી.રીંગ રોડ થઈ વૈષ્ણોદેવી સર્કલ તરફ પ્રવેશી શકશે. તેમજ ઘ-૦ બ્રિજ નીચેથી સર્વિસ રોડ પર થઈ ખ-૦ થઈ ઉવારસદ બ્રિજ નીચેથી ડાબી બાજુ વળી બાલાપીર ચોકડીથી સીધા ઝુંડાલ સર્કલથી જમણી બાજુ વળી એસ.પી. રીંગરોડ થઈ વૈષ્ણોદેવી સર્કલ તરફ પ્રવેશી શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવામાં આવ્યા છે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ કાયદાકીય રીતે શિક્ષાને પાત્ર ઠરશે.

### ગૌરયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ વિધાનસભા વિસ્તારમાં ૪ વાગે યાત્રા પ્રવેશ કરશે. આ યાત્રા દહેગામ શહેરમાં ફરી લિહોડા અને ત્યારબાદ કડજોડદરા થઈ અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કરશે.

૧૨મીથી શરૂ થનાર આ યાત્રા ૨૦મી સુધીમાં ઉત્તર ગુજરાતના વિધાનસભા મત વિસ્તારોમાં ભ્રમણ કરશે. આ યાત્રા દરમ્યાન વિધાનસભાની ચૂંટણીનું રણશિંગુ ફુંકવામાં આવનાર છે. યાત્રામાં કેન્દ્રના મંત્રીઓ ઉપરાંત જિલ્લાના પ્રભારી મંત્રી તેમજ જિલ્લા સંગઠનના આગેવાનો જોડાશે. લોકસંપર્ક અને વિકાસ કામોની જાણકારી મતદારોને આપવામાં આવશે. શહેર-જિલ્લા સંગઠન યાત્રાની તૈયારીઓમાં વ્યસ્ત બન્યુ છે એટલુ જ નહિ યાત્રાનું સ્વાગત થાય અને વધુ ને વધુ લોકો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહે તે માટેનું આયોજન થઈ રહ્યુ છે. આ અંગે સંગઠનમાં શ્રેણીબદ્ધ બેઠકો પણ યોજવામાં આવી રહી છે.

### તોતિંગ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આનો સીધો અર્થ એ છે કે લાખો દૈનિક મુસાફર આ ટ્રેનોમાં મુસાફરી કરી શકશે નહીં કેમકે વધારાયેલુ ભાડુ આડે આવશે. ટિકિટ વિના મુસાફરી કરવા પર ભાડુ અને દંડ બંને લેવામાં આવશે. આ સિવાય મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં બેઝિક ભાડા સિવાય રિઝર્વેશન ચાર્જ, સુપરફાસ્ટ ચાર્જ સહિત જીએસટી લગાવવામાં આવે છે.


ઉદાહરણ તરીકે ટાઈમટેબલ ૨૦૨૨-૨૩માં દિલ્હી-ભટિંડા (ટ્રેન સંખ્યા ૨૦૪૦૯) પેસેન્જર ટ્રેનને મેલ-એક્સપ્રેસનો દરજ્જો આપવામાં આવ્યો છે. આનુ અંતર ૨૯૮ કિલોમીટર છે, જ્યારે રેલવે નિયમ કહે છે કે ૩૨૫ કિલોમીટર સુધી પેસેન્જર ટ્રેનો ચલાવવામાં આવે છે. આ ટ્રેનને સુપરફાસ્ટનો પણ દરજ્જો આપવામાં આવ્યો છે.

# ૩૬ મી નેશનલ ગેમ્સઃ મહાત્મા મંદિર ખાતે મંત્રી હર્ષ સંઘવીની મુલાકાત

## ગુજરાતના મહેમાન બનેલા બોક્સિંગ ખેલાડીઓને રૂબરૂ મળીને રમત માટે પ્રોત્સાહિત કર્યા

ગાંધીનગર, તા.૦૬

૩૬મી નેશનલ ગેમ્સ - ૨૦૨૨નું ગુજરાત યજમાન બન્યું છે ત્યારે મહાત્મા મંદિર, ગાંધીનગર સહિત રાજ્યભરમાં વિવિધ રમતો યોજાઈ રહી છે. જેના ભાગરૂપે મહાત્મા મંદિર ખાતે યોજાયેલી બોક્સિંગમાં ભાગ લઈ રહેલા વિવિધ રાજ્યોના ખેલાડીને આજે રમત- ગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ બોક્સિંગ રિંગ જઈને રમત માટે પ્રોત્સાહિત કરીને સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી. રમત- ગમત મંત્રીશ્રીએ ૩૬મી નેશનલ ગેમ્સ અંતગર્ત મહાત્મા મંદિર ખાતે રમાઈ રહેલી બોક્સિંગને રસ પૂર્વક નિહાળી ને ગુજરાતના મહેમાન બનેલા ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. આ પ્રસંગે ભારતીય બોક્સિંગ સંઘના ઉપાધ્યક્ષ, ૩૬મી નેશનલ ગેમ્સના મહાસચિવ અને ગુજરાત બોક્સિંગ સંઘના અધ્યક્ષ નાણાવટી સહિત બોક્સિંગ સંઘના હોદ્દેદારો તેમજ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના નવા વરાયેલા ચેરમેન અનિલકુમાર પટેલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ, ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા તેમજ વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની ઉપસ્થિતિમાં સંભાળ્યો હતો.



રજવાડા સ્ટેટ પેથાપુર સ્વપ્રવીલા -૩ ખાતે દશેરા દરમિયાન રહીશો ધ્વારા શસ્ત્ર પુજા કરવામાં આવી હતી.

## ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે

# આઝાદી @૭૫ : પીએમ ગતિ શક્તિ ગુજરાત અંતર્ગત સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ફોકસ્ડ ટાર્ગેટેડ એક્શન પ્લાનના વિવિધ ક્ષેત્રે અમલથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડ સ્કેપમાં મોટા પાયે પરિવર્તન લાવનારૂં રાજ્ય બન્યુ છે.

વડાપ્રધાને અમલી કરેલા ''પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન''ના અમલીકરણ માટે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે ''આઝાદી @૭૫ : પીએમ ગતિ શકિત ગુજરાત'' અંતર્ગત યોજાયેલા સેમિનારમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ''પીએમ ગતિ શક્તિ ગુજરાત'' પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યુ હતુ. આ પોર્ટલ વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા તથા આ માસ્ટર પ્લાનના ઝડપી અમલીકરણ માટે ખુબ મહત્વપૂર્ણ સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સશક્ત માર્ગદર્શન અને દિશાનિર્દેશન હેઠળ રાજ્ય કક્ષાએ ગતિ શક્તિ પોર્ટલ શરૂ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે એનો ગૌરવ સહ ઉલ્લેખ તેમણે કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ''પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન'' ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડસ્કેપને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, આ પ્લાનથી માત્ર ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જ નહિ પરંતુ નાગરિકો માટે ઈઝ ઓફ લિવિંગ પણ સુનિશ્ચિત થશે. ગુજરાત તેની સાનુકૂળ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, વિશાળ સંભવિત બજાર, રાજકીય સ્થિરતા અને ભરોસાપાત્ર શાસન સાથે વૈશ્વિક વ્યાપાર માટે વિપુલ તકો પ્રદાન કરે છે ત્યારે રાજ્યમાં ઉપલબ્ધ તકોનું અન્વેષણ કરવા અને ગુજરાત અને ભારતની વૃદ્ધિમાં ભાગીદાર બનવા તેમણે આ સેમિનારમાં સહભાગી સૌને અનુરોધ કર્યો હતો.

## અનઅધિકૃત વસવાટ મામલે કાર્યવાહીના નામે માત્ર નોટિસ

# અનઅધિકૃત વસવાટ અંગે ઈવિકસન કોર્ટમાં ૪૦૦ જેટલા પેન્ડિંગ કેસ

## રહેણાંક માટેના આવાસો નથી છતાં પગલાં લેવામાં નિરસતા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં હાલ રહેણાંકને લાયક સરકારી આવાસો ની સંખ્યા ઓછી છે સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો જોખમી હાલતમાં છે અગાઉ થયેલા સર્વે મુજબ ૪૫૦૦ જેટલા આવાસ ભયજનક હાલતમાં છે જયારે આ મકાનો તોડવા માટે પણ તબ્બકાવાર મંજુરી આપવામાં આવી રહી છે જોખમી આવાસો ખાલી કરવાની પણ કામગીરી ચાલુ છે આ ઉપરાંત સેક્ટરોમાં નવા ટાવરો પણ ઉભા કરવામાં આવી રહ્યા છે એક તરફ પૂરતા સરકારી આવાસ ના હોવાના લીધે કર્મચારીઓને મકાન સમયસર ફાળવી શકાતા નથી બીજીતરફ સરકારી આવાસોમાં અનઅધિકૃત કબ્જેદારોનો વસવાટ છે જેને દૂર કરવા માટે તંત્ર કક્ષાએથી થોડા દિવસો અગાઉ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન પણ પેટાભાડુઅતોના કિસ્સા ધ્યાને આવ્યા હતા જો કે ત્યારબાદ કોઈ અસરકારક પગલાં ન લેવાતા સેક્ટરોમાં આવાસોમાં અનઅધિકૃત કબ્જેદારોને દૂર કરવાની ઝુંબેશ પણ આટોપી લેવામાં આવી હતી સરકારી આવાસો માટેની લાંબી પ્રતીક્ષા યાદી ટૂંકી થતી નથી જયારે નિવૃત્તિ બદલી અને અવસાન બાદ પણ આવાસોમાં રહેતા અનઅધિકૃત કબ્જેદારો સામે કોઈ પગલાં પણ લેવાતા નથી આ મામલે ઈવિકશન કોર્ટમાં પણ ૪૦૦ જેટલા કેસ પેન્ડિંગ છે શહેરના સરકારી આવાસોને ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવા નકકર કામગીરી કરવામાં આવતી નથી ઈવિકસાન કાર્ટ કક્ષાએથી પણ ઘણીવાર આવા કિસ્સામાં નોટિસ આપીને જ સંતોષ માની લેવાયો છે આવા સંજોગોમાં ફરજ બજાવતા કર્મચારીઓને મકાન ફાળવી શકાતા નથી ત્યારે ત્વરિત અસરથી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી ઈ.

# વન વિસ્તારમાં અડ્ડો જમાવીને બેઠેલા દબાણકર્તાઓને નોટિસ

## વનતંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના ઉભા અને આડા મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો વધી ગયા છે આ સ્થિતિ ના લીધે આસપાસના સ્થાનિકો પણ પરેશાન છે જો કે વનતંત્ર દ્વારા હાલ દબાણો અંગે સર્વે હાથ ધરાયો છે દબાણકર્તાઓને નોટિસ પણ આપવામાં આવી રહી છે ટૂંકમાં વનવિસ્તારમાંથી દબાણો હટાવવા માટે અભિયાન શરુ કરાશે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી વન આરક્ષિત વિસ્તારની જાળવણી ના નામે મીંડુ ચીતરાયેલું છે જેના લીધે હરિયાળીસભર તાજગીથી નિખારતા વન વિસ્તારમાં ગંદકીના ઢગ વચ્ચે દબાણોનો અડ્ડો જોવા મળે છે શહેરની તૂટેલી ફૂટપાથ કંગાળ હાલતમાં છે જેના પર દબાણો અસ્તિત્વમાં આવી ગયા છે જયારે ફૂટપાથને અડીને સ્થિત વન વિસ્તારમાં પણ દબાણોની હારમાળા જોવા મળે છે રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન વિભાગના એરિયામાં ઝુંપડાના દબાણો વધી ગયા છે જેના લીધે ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે સ્થાનિકો પણ લાંબા સમયથી દબાણો દૂર કરવા માંગણી કરી રહ્યા છે ઝુંપડા ઉપરાંત વન વિસ્તારમાં લારી ગલ્લા ના દબાણો પણ દિનપ્રતિદિન વધી રહ્યા છે કેટલાક ઠેકાણે ઓટો ગેરેજ ધમધમતા હોવાથી હરિયાળીને વધુ નુકશાન થઈ રહ્યું છે જો કે લાંબા સમયથી આ મામલે નિરસતા દાખવતા વન તંત્ર દ્વારા હવે વન વિસ્તારને દબાણ મુક્ત કરવા ટૂંકમાં ઝુંબેશ હાથ ધરવામાં આવશે હાલ વનતંત્ર કક્ષાથી દબાણો મામલે સર્વે હાથ ધરીને દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી રહી છે જેના અંતે સ્વેછાએ દબાણ દૂર નહીં કરવામાં આવે તો વનતંત્ર નું બુલડોઝર સપાટો બોલાવશે

# આજથી ભાજપની ગુજરાત ગૌરવ યાત્રાનો આરંભ થશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે આવતીકાલથી ભાજપ દ્વારા ગુજરાત ગૌરવ યાત્રા નો પ્રારંભ થનાર છે ત્યારે આ યાત્રા દરમિયાન ભાજપના પ્રભારીઓ વિવિધ વિધાનસભા બેઠકોમાં ફરીને સ્થાનિક રાજકીય સામાજિક પરિસ્થિતિ અંગેનો કયાસ કાઢીને સર્વે કરશે અને સંભવિત ઉમેદવારો માટેના નામો અંગે પણ અભિપ્રાય મેળવશે.

વિધાનસભા ચૂંટણીઓ જાહેર થવા આડે હવે માત્ર ૧૫ દિવસ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર અને લોક સંપર્ક કરીને લોકો સુધી પહોંચવા માટે આવતીકાલથી ૧૫ દિવસ માટે ગુજરાત ગૌરવ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ગૌરવ યાત્રા દરમિયાન સૌરાષ્ટ્ર મધ્ય ગુજરાત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત ઝોનમાં ગુજરાતના પ્રભારી વિવિધ વિધાનસભા બેઠકોમાં યાત્રા સાથે ફરશે અને જે તે વિધાનસભા બેઠક પર શહેરી અને ગ્રામ્ય વિસ્તાર પરની સ્થાનિક રાજકીય અને સામાજિક પરિસ્થિતિ અંગેનો કયાસ કાઢશે અને દરેક વિસ્તારમાં વર્તમાન ધારાસભ્યો અને મંત્રીઓની કામગીરી અંગેનો રિપોર્ટ કાર્ડ મેળવશે સાથોસાથ સંભવિત નવા ઉમેદવારોના નામો અંગે પણ ખાનગીમાં સર્વે કરીને સંભવિત નવા ચહેરાઓના નામો મેળવવામાં આવશે.

ભાજપે આગામી વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવવા માટે ગુજરાત ગૌરવ યાત્રા ની સાથો સાથ જ ઉમેદવાર ની પસંદગી અંગે કયાશ કાઢવાનીની પ્રક્રિયા પણ હાથ ધરનાર છે. યાત્રા દરમિયાન પ્રભારીઓ દ્વારા દરેક વિધાનસભા બેઠક પરની સ્થાનિક રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો કયાસ કાઢી અને સંભવિત ઉમેદવારોના નામો અંગેના પણ મંતવ્યો મેળવીને તેનો અહેવાલ ભાજપ મોવડીમંડળને સુપ્રત કરશે.